૩/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૪

વર્ષ-૬ • અંક-૨૮૮ • સળંગ અંક - ૨૨૮૮ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૭.૧૧.૨૩

સંવત - ૨૦૮૨

પોષ સુદ-૦૯, શનિવાર

તા. ૨૭-૧૨-૨૦૨૫

સૂર્યાસ્ત - ૦૬.૦૭.૫૨

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**કપાયા**ના **યતિન પ્રેમજી દેઢિયા** (ઉં.વ. ૫૩) તા. ૨૫-૧૨ના આકસ્મિક અવસાન પામેલ છે. રતનબેન વસનજી વીરજીના પૌત્ર. શાંતાબેન પ્રેમજીના સુપુત્ર. બીનાના પતિ. હેલીશાના પપ્પા. વડાલાના મિહીર ધીરેન નીસરના સસરા. નિલેશ, રાજેશ, સંગીતાના ભાઈ. બીના, ભારતીના દેર. નાગલપુરના વિપુલ મોતીલાલના સાળા. નેહા, હેનલ, ચિંતનના કાકા. માનસી, અદિતીના મામા. કપાયાના લક્ષ્મીબેન રાઘવજી, હેમલતાબેન તલકશીના ભત્રીજા. વડાલાના ઉમરબાઈ મોરારજી મોનજીના દોહીત્ર. અનીલ, ભુજપુર હેમલતા હીરાલાલ, કુંદરોડી ભાનુ ધનજી, વડાલા વિમળા હરીશ, ચંદ્રલતા કાંતિલાલ, કપાયા પુષ્પા નવિન, સાડાઉ કલ્પના મનસુખ, પત્રી હંસા પ્રદીપના ભાણેજ. કપાયાના મણીબેન મોરારજી જેઠાના પૌત્રીવર. જયાબેન પ્રેમજી મોરારજી ભેદાના જમાઈ. જયેશ, શીલાના બનેવી. નીશાના નણંદોઈ. કપાયા મનીષ રાઘવજીના સાઢુ. પરીના ફુઆ. ફોરમના માસા. સુરેન્દ્ર, મુલચંદ, શશીકાંત, નિતીન, નવીનાર શાંતાબેન લક્ષ્મીચંદ, લાખાપર લક્ષ્મીબેન મેઘજી, મોખા પ્રભાબેન મણીલાલના ભત્રીજીવર. મોખા ઉમરબાઈ કોરશી ગાંગજીના દોહીત્રીવર. અનીલ પ્રેમજીના ભાણેજીવર. વડાલાના તૃપ્તીબેન ધીરેનભાઈ નીસરના વેવાઈ. **ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી.** નિ. યતિન દેઢિયા, ૭/૪૧, ગુરુદર્શન, જગડુશાનગર, ઘાટકોપર (વે.) મુંબઈ-૮૬. શાંતાબેન-૯૮૩૩૦૯૯૫૮૦.

4/1/1 -------- (1-1)



**ગોધરા** હાલે કારાઘોઘાના **શાંતાબેન ખેતશી છેડા** (ઉં.વ. ૭૭) તા. ૨૫-૧૨-૨૫ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. મેઘબાઈ જેઠાલાલના પુત્રવધુ. ખેતશીના ધર્મપત્ની. ઈલેશ, નિખીલના માતુશ્રી. પ્રેમીલા, નેહાના સાસુજી. વીધી, પલક, મીલીના દાદી. જૈનમ જૈનના દાદી સાસુ. ગાંગજી, માવજી, પોપટ, ગોવીંદ, પ્રેમચંદ, મુલબાઈ, લક્ષ્મીબેન, હેમલતા, મંજુલા ના ભાભી. સુશીલા, મણીબેનના દેરાણી. કસ્તુર, પ્રેમીલાના જેઠાણી. કારાઘોઘા રતનબેન વાઘજી આસમલ સાવલાની સુપુત્રી. કારૂ આસમલ, દેવકાબેનના ભત્રીજી. લાલજી, તેજબાઈ, ઝવેરના બેન. મંજુલાના નણંદ. ગુંદાલા હંસરાજ કોરશી ના દોહીત્રી. મણીબેન વીરજી, સાડાઉ કેસરબેન ઉમરશીના ભાણેજી. ટોડા ભાણજી લાલજી, પ્રાગપર પોપટલાલ મેઘજીની સાળી. માપર ગંગાબાઈ જીવરાજ, ગોધરા રાણબાઈ મોણશી, દેવજી, કાનજીની ભત્રીજાવહુ. ભીંસરા તલકશી પદમશી, મેરાવા મણીલાલ કેશવજી, ભારાપર લીલાધર કેશવજી, બેરાજા ચુનીલાલ કેશવજીના સાલના ઘરેથી. ડોણ ભાનુ લક્ષ્મીચંદ ગાલા, ગેલડા રશ્મી જગદીશ સૈયાના વેવાણ. શિવગંજ જ્યોત્સના ઘીસુલાલના મોટા વેવાણ. **પ્રા. : તા.૨૭-૧૨-૨૫ ના, ૩ થી ૪.૩૦. કે.ડી.અગ્રવાલ હોલ, માનપાડા રોડ, ડોંબિવલી(ઈ).** ઠે.ઈલેશ ખેતશી છેડા, બી-૧,૨, માય માઉલી કો.હા.સોસાયટી, માનપાડા રોડ, ગાવદેવી મંદીરની સામે, ડોંબિવલી (ઈ), ૪૨૧૨૦૧. ઈલેશ- ૯૮૯૨૬૧૪૯૫૯.

4/1/1 -------- (1-2)



**રતાડીયા (ગણેશ)** હાલે બેંગ્લોર **શ્રી ચુનીલાલ રાઘવજી હંસરાજ છેડા** (ઉં.વ. ૯૨) તા. ૨૩-૧૨ના ટુંકી માંદગીથી દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી જેતબાઈ રાઘવજી હંસરાજ છેડાના સુપુત્ર. નિર્મળાબેન (બાઈઆબાઈ)ના પતિ. સુનિલ, અમિષ, રંજનના પિતાશ્રી. લતા, અલ્પા, સાડાઉ મણીલાલ મોણશી સંગોઈના સસરા. સૌરભ, સુનયના દાદા. ભાવીન, કેકીનના નાના. દીશાના નાનાઈ સસરા. સાચીના પરનાના. જાદવજી, ટોકરશી, તલકશી, મેઘેશ, શાંતિલાલ, મુકેશ, જવેરના મોટા ભાઈ. રાયધણજર શાંતિલાલ રવજી ગડાના સાળા. વિમળા, જવેર, અમૃત, રમીલા, ભારતી, જયનાના જેઠ. દેશલપરના લાછબાઈ રતનશી કચરા ગાલાના જમાઈ. તલકશી, ગાંગજી, શાંતિલાલ, કપાયા દમયંતીના બનેવી. વિરચંદ રામજી કેનીયાના સાઢુ. ટોડા મણીબેન હિરજી, બારોઈ હેમલતાબેન વેલજી, સાડાઉ મેઘબાઈ મોણશી દેવનના વેવાઈ. કપાયા ચાપઈમાં ગણપત હંસરાજના દોહિત્ર. મો. ખાખર રાણબાઈ પાસુ ખેરાજના દોહિત્રીવર. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. અમિષ છેડા, ૨૦૪, સપ્તગીરી રેસિડેન્સી, બનસંકરી, બેંગ્લોર (કર્ણાટક)-૫૬૦૦૫૦. અમિષ-૯૩૪૨૨૬૦૦૦૧, સુનિલ-૯૮૪૪૦૭૬૭૩૬.

4/1/1 -------- (1-3)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**તરૂણ મિત્ર મંડળ-૧૯૧૯/૯૩૨૧૨૧૧૯૧૯**

## શૈક્ષણિક

### ગુંદાલાનાં શિક્ષણપ્રેમી સ્વ. શ્રી પ્રેમજીભાઈ દેઢીયાને ભાવભીની શ્રધ્ધાંજલી સોનગઢ રત્નાશ્રમ

જીવન જીવ્યા તમે રાખી સદાય ટેક, હસતો રાખ્યો ચહેરો રાખી જીવનમાં નેક. સંપમાં માનનારા તમે હતા અમૃતજળ. કુટુંબમાં હેત વરસાવનારા તમે સમયની સરી જતી ક્ષણોમાં તમારી સ્મૃતિ અમારા હૃદયમાં હંમેશા અમર રહેશે. ગામ : ગુંદાલા-મુલુંડ (વે.)નાં શ્રી પ્રેમજી નાનજી દેઢીયાની તા. ૨૭-૧૨-૨૦૨૫નાં રોજ ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ધર્મપત્ની પન્નાબેન પ્રેમજી દેઢીયાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી સ્વજનની સ્મૃતિને કાયમ કરી. પન્નાબેન પોતે શિક્ષિકા હતા એટલે પોતે શિક્ષણની કિંમત સમજી શક્તા હતા અને સામેથી ફોન કરીને કહેતા કે સમાજનો કોઈ પણ બાળક શિક્ષણ વગરનો ન રહે એવી પ્રેરણા હજી પણ આપે છે. રત્નાશ્રમ પરીવાર એમનો ખુબ ખુબ આભાર માને છે. લિ. અમિત લક્ષ્મીચંદ ગોગરી-ભુ.વિ.મંડળ સભ્ય-કપાયા. ૭૦૩૯૧૪૯૮૬૫.

4/1/1(25) -------- (A-17872)(1-4)




### જન્મ દિવસનાં હાર્દિક વધામણાં સોનગઢ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ એટલે શુધ્ધ ભારતીય ગ્રામ્ય જીવન તથા અભ્યાસનો જેને લ્હાવો મળ્યો એ અતિ ભાગ્યશાળી જીવન ગામ : મોથરા-થાણાના માતુશ્રી લક્ષ્મીબેન માવજી કાનજી દેઢીયાનાં પૌત્ર ભુ.વિ. શ્રી મીહીરનાં તા. ૨૭-૧૨-૨૦૨૫નાં રોજ જન્મ દિવસની ખુશાલી પ્રસંગે હસ્તે શ્રીમતી ધારણાબેન નીતીન દેઢીયાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૧૧૧/- નું અનુદાન આપી ભૂ.વિ. ચિ. મીહીરનાં જન્મ દિવસની અનેરી ઉજવણી કરી. સોનગઢ રત્નાશ્રમ પરીવાર ચિ. મીહીરને જન્મ દિવસની અઢળક શુભેચ્છા પાઠવે છે. લિ. હેમચંદ લાલજી ગોગરી-વાલી મંડળ-બિદડા. મો. નં. ૯૮૯૨૯૨૨૧૯૨.

4/1/1(32) -------- (A-17873)(1-5)

### સમયક ધર્મ આરાધના મંચ-મલાડ

રવિ. તા. ૨૮/૧૨, સવારનાં ૯.૩૦ થી ૧૧, સંવરતત્વ પર જ્યોતિબેન ધરોડ દ્વારા વિવેચન હશે. સ્થળ : ગાલા બ્લોસમ, મલાડ (વે.) સૌજન્ય : શ્રીમતી નિર્મળાબેન તલકશી ભાણજી સતરા (લાખાપુર). લિ. મંત્રી.

2/1/1(11) -------- (A-17844)(2-16)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

### તા. ૨૭ ડિસેમ્બર – સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

શ્રીમતી પ્રિતી ઉપેશ સાવલા (પ્રાગપુર)નાં જન્મદિન નિમિત્તે શાહ લાલજી લખમશી સાવલા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી.

● સ્વ. શ્રી નાનજી નરશી દેઢિયા (ગઢશીશા)ની પુણ્યતિથિ નિમિત્તે પુત્રો ચેતન અને વિપુલ, પુત્રી હેમલ નીતિન ગડા (સાભરાઈ) તરફથી.

● શ્રીમતી બીના અને સી.એ. શ્રી કીરીટ મણીલાલ ગડા (કોડાય - મુલુંડ)ની લગ્નજયંતી નિમિત્તે એમના પરિવારજનો તરફથી.

● શ્રીમતી રૂપલ હિતેશ નેમચંદ રામજી સાવલા (રાયણ)ની લગ્નતિથિ નિમિત્તે હસ્તે શ્રી નેમચંદ રામજી લખમશી સાવલા તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/-(૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(12) -------- (A-17846)(1-6)

# નોકરી ખાલી છે

### મેનેજર / વ્યવસ્થાપક જોઈએ છે

મસ્જીદ બંદર / ભાતબજાર સ્થિત રતાડીયા (ગ.) ગૌશાળાની ઓફીસ માટે બેંકીંગ કાર્ય, ટેલી / કોમ્પ્યુટર જાણકાર, ગુજરાતી / ENG માં પત્ર વ્યવહાર કરી શકે તેવી વિશ્વાસુ, જીવદયા પ્રેમી વ્યક્તિ જોઈએ છે. સ્વ. હસ્તાક્ષરે સંપૂર્ણ માહિતી સાથે અરજી વ્હોટ્સએપ કરો. મો.: ૯૮૨૦૪૪૫૧૫૧. લિ. મંત્રીઓ.

2/1/1(1) -------- (A-17825)(2-1)

**રેડીમેડના સેલ્સમેન જોઈએ છે**

જેન્ટસ રેડીમેડ શો રૂમ માટે સેલ્સમેન, હેલ્પર જોઈએ છે. કાયમી / મર્યાદિત સમય માટે તથા વિદ્યાર્થીઓ / નિવૃત પણ આવકાર્ય. 'કેનોન' RRT RD, મુલુંડ (વે.) 9820610074

2/1/1(4) -------- (R-17752)(2-2)

ઘાટકોપર અને કુર્લામાં નવા બાંધકામ સાઈટ પર અનુભવી સુપરવાઈઝર, એન્જીનીયરની જરૂર છે. સંપર્ક : જેનીલ નીસર : 9833316073, પરેશ : 9322028499.

2/1/1(6) -------- (R-17692)(2-3)

**રીટેલ શોરૂમ માટે યુવકો જોઈએ છે**

અમારી રીટેલ શો રૂમો માટે કોમ્પ્યુટર પર બીલ બનાવી કેશ લેવા માટે યુવકો જોઈએ છે વય મર્યાદા ૨૫ થી ૫૦ વર્ષ રેઝ્યુમ વોટસેપ પર મોકલો. Ph. No.: 8928136153 - નિશાંત

2/1/1(10) -------- (R-17649)(2-4)

**એકાઉન્ટસ**

દાદર સ્થીત ગારમેન્ટ ઓફીસમાં એકાઉન્ટના અનુભવી યુવક ફુલ ટાઈમ માટે જોઈએ છે. ભરતભાઈ : 8454829808.

2/1/1(2) -------- (R-17800)(2-5)

**Lalji Mulji Transport Co.**

having nationwide network requires for Mumbai Region

- Back office staff candidate should be computer literate with minimum 1 year experience & freshers can apply (W+ord, Excel / Email). send your C.V. with expected salary at e-mail:career@lmtco.com Contact No. 8451000367.

4/1/1(7) -------- (N-17681)(2-6)

Required Full Time (1) Accountant (M / F) (2) Office Assistant with Knowledge of Accountancy(F)for garment mfg. co. at 312 Ashish Ind Est Gokhle Rd (S) Prabhadevi (W) Mum25 . Chandrakant Nisar- 9819202553 Time10-5

4/1/1(1) -------- (B-17814)(2-7)

Reqd. Salesman (Male) for Retail Shop (Womens Wear) in Mulund (W). Age -21-45. 20k+ more. Prior Exp. not Reqd. Parin Shah - 9819944855.

2/1/1(21) -------- (R-17861)(2-8)

**ડેટા એન્ટ્રી ઓપરેટર જોઈએ છે**

ડોંબીવલી (ઈસ્ટ) MIDC માં રેડીમેડ ગારમેન્ટ ફેક્ટરીમાં ડેટા એન્ટ્રી ઓપરેટર માટે Married છોકરીની જરૂરત છે. સં. ટ્વીંકલ વીરા- ૯૦૦૪૩૮૫૩૬૨.

4/1/1(37) -------- (R-17890)(2-9)

**કોમ્પ્યુટર એન્જીનીયર / ટેકનીકલ એક્ઝીક્યુટીવ જોઈએ છે**

Techademic Solutions Pvt Ltd ને ડિજિટલ પ્રોજેક્ટ માટે કમ્પ્યુટર એન્જિનિયર / ટેકનિકલ એક્ઝિક્યુટિવની જરૂર છે.

- અભ્યાસ : કમ્પ્યુટર / આઈટી / ઈલેક્ટ્રોનિક્સમાં ડિગ્રી / ડિપ્લોમા /અન્ડર ગ્રેજ્યુએટ્સ પણ અરજી કરી શકે છે.
- કૌશલ્યઃ કમ્પ્યુટરનું સારું જ્ઞાન, હાર્ડવેર અને સોફ્ટવેરની મૂળભૂત ટ્રબલશૂટિંગ.
- નોકરીનો પ્રકાર : Full Time / Part Time

અરજી મોકલાવો : bharatjjain30@gmail.com

4/1/1(38) -------- (B-17889)(2-10)

**મણીરાજ સોલીટેઅર**
**અતુલ્ય વિશ્વાસ, અમુલ્ય દાગીના**

આપના દરેક પ્રસંગને અનુરૂપ સાચા હીરાના અને જડાઉ (ઓપન સેટીંગ) દાગીનાની અવનવી ડિઝાઈન ખાત્રીપૂર્વક ખરીદી માટે એકવાર અવશ્ય પધારો.

- પ્રસંગ તમારો, બજેટ તમારૂ, ડિઝાઈન અને કારીગરી અમારી.
- સંપર્ક : ભાવના ગાલા (બાડા-મંગલબાપા પરિવાર), નિધી ગાલા દેઢિયા (બાડા-ગોધરા)- ૯૬૧૯૯૧૨૧૦૩.
- બોરીવલી (વે) : બી-૨૦૩, નતાશા મનોર, ફુડલોર્ડ રેસ્ટોરન્ટની બાજુમાં, ચંદાવરકર રોડ.
- માટુંગા (ઈ.) : ૨૦૭, બીજે માળે, જેડ અરીના કોમ્પલેક્ષ, લખમશી નપ્પુ રોડ. મુલાકાત એપોઈન્ટમેન્ટથી.

4/1/1(39) ------ (B-17888)(2-11)

**શ્રી બાબા રામદેવપીરની સમૂહ પહેડી ચેમ્બુર કેમ્પ મંદિર નં. ૧**

પહેડી નો સોનેરી દિવસ આવી રહ્યો છે.રવિવાર તા. ૪-૧-૨૦૨૬ના સામૈયાનું અદભુત માહોલ હશે સવારના ૮.૦૦ વાગે બાબા ની સવારી, પગલાં, ધજા લીલુડા ઘોડલા, ભજનોની રમઝટ સાથે માથે બેડલા-ઘડી લઈ શોભતી સન્નારી ઓ સાથે વાડી નાં ગેટ પર ઘડી નાં ભવ્ય વધામણા થશે ૮:૩૦ વાગે,અને ભગવાનના જાજરમાન પોખણા થશે, ફુલોથી વધાવવામાં આવશે અને સ્થાપના નો શુભ સમય ૯:૦૦ વાગે.પછી મહા પાટ ની જ્યોત પ્રગટ કરી બાબાની પ્રથમ આરતી થશે પછી ભજનોની રમઝટ શરૂ થશે ૧૦.૦૦ વાગે.જાણે રામદેવ રાજકુમાર નો દરબાર ભરાયો હોય અને દૂર દૂરથી નર-નારી હાજરાહજૂર પરચા પૂરનાર બાબા ના દર્શન કરવા પધારી રહ્યા હોય એવા અદભુત માહોલ સાથે બાબાનો ભાવતા ભોજનીયાનો થાળ,લાપસી ખીર અને મીઠાઈ ને પ્રસાદ વાજતેગાજતે ૧૧:૦૦ વાગે ધરાવવા માં આવશે.ભજનોની રમઝટ થશે અને મહા આરતી બપોરના ૧:૦૦ વાગે થશે અને પ્રસાદ ભોજનીયા પીરસસે સિલ્વર કેટરર્સ બપોર ના ૧૨:૩૦ થી ૨:૩૦ વાગે તો સર્વે મોઘેરા દાતા અને ભાવિકોને વહેલાસર પધારવા ભાવભર્યું આમંત્રણ છે. બાબો ભલી કરે.(પોષ સુદ બીજ નાં સાંજના ૭.૦૦ વાગે મંદિર માં સર્વે તેર દાતા ઓનું પહેડીનિમિતે લકી ડ્રો થઈ ગયું છે અને પહેડી નું સર્વે લાભ દાતા પરિવાર ને આપવામાં આવશે, સર્વે દાતા ઓને ફોન થી જણાવવા માં આવેલ છે.) સામૈયાનું સ્થળ : શ્રી કાંતિલાલ ટોકરશી એન્ડ કંપની તેલવાળા (કારાઘોઘા) કબુતર ખાના માટુંગા (સે.રે.) બ્રિજ ની બાજુમાં પહેડી સ્થળ : શ્રી કચ્છી લુહારવાળી, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.), મું.૧૯. લી. શ્રી રામાપીર સત્સંગ મંડળ, ચેમ્બુર કેમ્પ, હા. વિનોદકુમાર નાગજી છાડવા નાં જય રામાપીર.

4/1/1(41) -------- (B-17894)(2-12)

# મહિલા સંસ્થા સમાચાર

### કચ્છી મહીલા ફેડરેશન - સોમ, ૬ જાન્યુ. મેડીક્લેઈમ પ્રીમીયમ સહાય વિતરણ

મહિલા મેડીકલેઈમ પ્રીમીયમ ફંડના કાયમી દાતાશ્રીઓ

- ૧) શ્રીમતી નવલબેન ઉર્ફે કસ્તુરબેન કલ્યાણજી નાગડા (વીઢ)
- ૨) શ્રીમતી શાંતાબેન દામજી શાહ તથા શ્રીમતી જયવંતીબેન જાદવજી શાહ એંકર પરિવાર (કુંદરોડી)
- ૩) શ્રીમતી પાનબાઈ વલ્લભજીભાઈ ગડા (માટુંગા-બાડા-વિકાસ ગ્રુપ)
- ૪) શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર પોલડીયા (તલવાણા-અમદાવાદ-નવનીત)
- ના સહયોગથી મેડીકલેઈમ પ્રીમીયમ સહાય વિતરણ સોમવાર, તા.૬-૧-૨૦૨૬ ના કરવામાં આવશે. વધુ વિગત પત્રિકા દ્વારા. લિ. મહિલા મેડિકલ ફંડ મુખ્ય કમિટી.

4/1/1(5) -------- (A-17886)(2-12)

**નાગલપુર નિહારીકા નંદન, વેલકમ ૨૦૨૬ પાંચ જાન્યુ. ગેમ શો વંડરફુલ વિન્ટર**

નવા વર્ષના વધામણાં. ૨૦૨૬ નો પ્રથમ પ્રોગ્રામ ધમાલ મસ્તી, યલ્લો થીમ સાથે મનીષાબેન મયુર સાવલા (બાડા) સંગાથે વંડરફુલ વીન્ટર થીમ ગેમ શો માણીએ. ચા-નાસ્તો, અલ્પાહાર ઉડીપી ટુ મુંબઈ હોટેલ, ચિત્રા સિનેમાની બાજુમાં, દાદર (સે.રે.) માં સ્વાદિષ્ટ વાનગીઓની મિજબાની માણીએ. સોમ, તા.૫ જાન્યુ, બ.૨.૪૫ ક. આવી જવુ. ગેમ શો 3 થી ૬. 3 કલાક શરૂ થઈ જશે. સભ્ય ફ્રી. ગેસ્ટ રૂા.૫૦૦/- શિલ્પા ગંગર ૭૪૯૮૮૧૫૧૫૦ પાસે બે જાન્યુ. સુધી નામો નોંધાવવા જરૂરી. નવી મેમ્બરશીપ આવકાર્ય. લિ. પ્રમુખ : ભારતી નવીન ગંગર.

4/1/1(40) -------- (A-17887)(2-13)

**શ્રી સચ્ચા ફૂડસ માટુંગા 19**

કચ્છ અને ગુજરાત ના લોકો ને અતિપ્રિય શિયાળા ઋતુ દરમિયાન મળતી ખાસ શાકભાજીનું મિશ્રણ એટલે ઘરે બનાવેલું સુરતી ઊંધિયું શનિવારના સાંજે 5 વાગ્યા સુધી લખાવવા પર દર રવિવારના મળશે. ઘર પહોંચ માટે અલગ થી ચાર્જ લાગશે. (૧) સુરતી ઊંધિયું (લસણ કાંદા બટાટા) 800. (૨) શુદ્ધ જૈન ઊંધિયુ 900. (3) અદધું જૈન ઊંધિયુ (કંદ,સૂરણ સાથે) 1000. સોમવાર થી શનિવાર માટે 3 કિલો નો ઓર્ડર પર બનાવી ને મળશે. Neelesh Sangoi (Kapaya) 9619015181.

2/1/1(29) -------- (B-17871)(2-14)

**ડાયાબીટીસ વાળા માટે ખાસ પદાર્થો**

ચન્દ્રપ્રભ મંડળનાં ગોળીયા લાડુ, ગોળનાં અડદીયાપાક, ગોળનાં મેથી લાડુ, ગોળનાં ચુરમા લાડુ ૨ દિવસમાં ડીલીવરી. મુલુંડ પંકજ ૯૩૨૨૮૧૧૦૧૦ નીકીતા ૭૦૩૯૫૦૩૪૦૩ ઘાટકોપર વીરેન ૯૯૨૦૧૨૨૨૯૯ કૃપાલી થાણા જોગેશ્વરી ૮૧૬૯૫૦૭૪૧૧ મધ્ય મુંબઈ-૯૦૨૯૨૭૩૯૭૦. લિ. ચન્દ્રપ્રભ મંડળ મંત્રીઓ વાસંતી શાહ, મંજુલા કકા.

4/1/1(27) -------- (B-17869)(2-15)


SHRI CUTCHI VISA OSWAL DERAWASI JAIN MAHAJAN MUMBAI
Sanchalit
SHRI C. V. O. D. MEDICAL CENTER
Derasar Lane, Ghatkopar-East
પારસ પૅથોલૉજી PARAS PATHOLOGY
Personalised Diagnostics... Since 1987!





પેથોલોજી ટેસ્ટીંગ તથા માઈક્રોબાયોલોજી ટેસ્ટ
Monday to Saturday
Timing : 8 am to 5.00 pm
For Appointment Call
8454888711


**જાહેર વ્યાખ્યાન**

વિહારની સંભાવના પૂજ્ય મુનિરાજશ્રી વિશ્વાનંદ વિજયજી મ.સા., પૂજ્ય મુનિરાજશ્રી હેમકિર્તીવિજયજી મ.સા., પૂજ્ય મુનિરાજશ્રી વિવેકસાર વિજય મ.સા. ઠાણા-3 સુખશાતામાં છે. વિશેષમાં તા. ૨૮/૧૨/૨૦૨૫ના રવિવારે જાહેર વ્યાખ્યાન રાખવામાં આવેલ છે. પ્રવચનકાર મુનિ વિવેકસાર વિ. વ્યાખ્યાન કરશે. સવારના ૯.30 થી ૧૨.30 સુધી પ્રવચન ચાલશે. વ્યાખ્યાનમાં આવનાર શ્રોતાઓને જમવાની સગવડ રાખેલ છે. સવારે ૧૦.૧૫ સુધી જમવાના પાસ આપવામાં આવશે. ૧૧.30 વાગે લક્કી ડ્રો રાખવામાં આવેલ છે. લાભ લેશો ૧ જાન્યુઆરી ૨૦૨૬ આસપાસ કલ્યાણ તરફ વિહારની સંભાવના છે. લિ. ગિરિશ મારૂ (બિદડાવાળા)ના જય જિનેન્દ્ર. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થધામ, કાસારવડવલી નાકા, ઘોડબંદર રોડ, થાણા. તા.ક. ૯.30 થી પ્રવચનની શરૂઆત ૧૦.૧૫ સુધી જમવાના પાસ સાધર્મિક ભક્તિ રૂપે ૧૧.30 કલાકે લક્કી ડ્રો. સંપર્ક નં. અજીત મેહરા : 9653353795, ગિરિશ મારૂ : 8169578125, તુષાર શાહ : 9322451447.

2/1/1(22) -------- (A-17858)(1-7)

**નાના ભાડીયા બસ સ્ટેન્ડની સામે અંબે માને નમતાં છેડા ભાવિકો**

- માતાજીના વાર્ષિક જુહાર નક્કી થયેલ મુજબ દર બે વર્ષે કરવાના હોવાથી હવે પછીના વાર્ષિક જુહાર સંવત ૨૦૮૩ના કારતક સુદ પુનમ ૨૦૨૬માં થશે જેની ચર્ચા મીટીંગમાં થશે.
- જુની કમિટિમાંથી અમુક મેમ્બરો રીટાર્યર થાય છે તેથી નવી કમિટિની નિમણુંક કરવાની હોવાથી જે કોઈ ભાવિકોને ઈચ્છા હોય તેઓ નીચે આપેલ નંબર ઉપર સંપર્ક સાધવા વિનંતી તથા મીટીંગમાં જરૂરથી આવવા વિનંતિ. મીટીંગ તા. 0૩-0૧-૨૬, શનિવાર સાંજે ૬.00 થી ૯.00 ક. સ્થળ : શ્રી કચ્છ યુવક સંઘ, તક્ષશીલા, દાદર મધે રહેશે.
- જે ભાવિકો આવવાના હોય તેઓ અગાઉથી નીચે આપેલ નંબર ઉપર પોતાના નામ જણાવવા વિનંતી. જેથી વ્યવસ્થા કરવા માટે સુગમતા રહે.
- સંપર્ક : જગદીશભાઈ છેડા-૯૮૨૦૦૬૨૩૧૧, દિપ્તીબેન છેડા-૯૮૧૯૦૪૬૬૪૪. લિ. છેડા ભાવિક મંડળ.

4/1/1(24) -------- (A-17856)(1-8)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**




### દેવલાલી

● (૧) શ્રી શાંતીનાથજી દેરાસરની તથા પ્રીન્સ ભોજનશાળાની બાજુમાં રેરા રજીસ્ટર પ્રોજેક્ટ, રેડી પઝેશન, ગુજરાતી જૈન બીલ્ડર, બે બેડરૂમના ફ્લેટો વેચાણથી (થોડાક ફ્લેટ બેંલેન્સ)

● (૨) ૮૫૦ કારપેટ, બે બેડરૂમના ફ્લેટો, રેડી પઝેશન, મોર્ડન એમીનીટીસ સાથે, દેરાસરજીના સાનિધ્ય તથા ભોજનશાળાની બાજુમાં વેચાણથી લેવા / વેચવા / ભાડેથી ફ્લેટ, બગંલો, શોપ / પ્લોટ પરેશ રાયચંદ ધરમશી (સુથરી) 9930803959 / 9930106054.

2/1/1(5) --------- **(N-17732)(3-1)**

### ચાખ્યા કે ! પાંજો કેટરર્સના અડદીયા પાક

શુધ્ધ ઘી બદામ, પીસ્તા, વસાણાથી ભરપુર

● સ્પે. અડદીયા પાક : ૬૪૦ રૂા. કિલો
● રોસ્ટેડ ડ્રાયફ્રુટ ગુંદરપાક : ૭૪૦ રૂા.
● રોસ્ટેડ ડ્રાયફ્રુટ ખજુર પાક : ૯૬૦ રૂા.
● પાંજો સ્વીટ : ૧૧૯ નટરાજ માર્કેટ, બીજે માળે, લીફ્ટ છે. S.V. રોડ, મલાડ વેસ્ટ 9820001270 / 9820779486 ધીરેન ગોગરી
● કાંદીવલી વેસ્ટ
● મહાવીર પ્રોવિઝન : સ્ટે રોડ : 9769237437
● મિનલ ગ્રેન : S.V.P. રોડ, ગાર્ડન સામે : 9324259454
● જય મહારાષ્ટ્ર : મથુરાદાસ EX રોડ : 9867221313
● હંસ લક્ષ્મી : ગોરસવાડી, તુંગાની નીચે મલાડ-વે. 932222999
● ભગવતી ડ્રાયફ્રુટ : S.V. રોડ, નટરાજ માર્કેટ મલાડ-વે. 7049443534
● વિજય ડ્રાયફ્રુટ : અમીજરા મામલેતદાર વાડી, મલાડ-વે. 9702243104

2/1/1(9) --------- **(B-17598)(3-2)**

### ''સોની કાનજી આણંદજી જ્વેલર્સ''
### ! રેપ્યુટેડ જવેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(13) --------- **(N-17855)(3-3)**

### વગર પગારનો વોચમેન - CCTV

કોઈ દિવસ રજા ન લે એવો લંચ બ્રેક કે ટી બ્રેક લીધા વગર ૨૪ કલાક સતત ડ્યુટી બજાવતો વગર પગારનો વોચમેન રાખવો છે ? લેટેસ્ટ ટેકનોલોજીનાં કેમેરા લગાડો. દુનીયાનાં કોઈ પણ ખુણામાંથી ચેક કરો અને નિરાંતની ઉંઘ માણો. CALL : હરેશ સાવલા, ગામ : નાની તુંબડી. 9820182514, 9324182514.

4/1/1(16) --------- **(B-17851)(3-4)**

### 'MAGIC OF MEMORY' 'EASY READING'

'EXAM CONFIDENCE' 'MEMORY BOOST'

● તમારા બાળકની પરીક્ષા વખતેની તમારી સમસ્યાઓનું સમાધાન એટલે 'Magic Of Memory' બાળકની પરીક્ષાની બીક દુર. બેધ્યાનથી ધ્યાનસ્થ કરાવે. Memory ટેક્નીક્સ. Speed રીડીંગ. કોન્ફીડન્સ Boost. યાદશક્તિ Next Level. કરાવે તે 'Megic Of Memory' આપણી પણ વધતી ઉંમરે યાદદાસ્તને શાર્પ કરાવે તે 'મેજીક Of મેમરી' વિદ્યાર્થી, ટીચર્સ, પેરેન્ટસ સહુએ કરવું જોઈએ. એક ફ્રી ક્લાસ 'મેજીક Of મેમરી' આ રવિવારે ઘાટકોપર (ઈ). ઉર્વી-8898008629. 'યાદ વધારવા યાદ રાખજો'

4/1/1(3) --------- **(B-17775)(3-5)**

### ડીઝાઈનર બીના (કાંદીવલી) 9320119093

તમારી મનગમતી સાડીઓનાં ખજાનાને આપો સારી ફીનીશંગ અને નવા આયડીયા સાથે નવો લુક જે તમારા કોન્ફીડન્સમાં કરશે વધારો. એમાંથી બનાવો લહેંગા સેટ, વેસ્ટર્ન આઉટ ફીટ અને Much More. Sp. ખાટલી અને મશીન વર્કમાં ડીઝાયનર બ્લાઉઝ. Customized from ur fabrics also.

4/1/1(19) --------- **(B-17848)(3-6)**

### ધરતીનું સ્વર્ગ કાશ્મીર કાશ્મીર

સૂરીશ્વરોની દિવ્ય કૃપાથી સ્વતંત્ર રસોડું પુર્ણ કાશ્મીર અમૃતસર થી શ્રીનગર ટ્રેન થી ટ્રેન. પ્રત્યેકનાં ૩૨૫૦૦. ટીકીટો ૬૦ દિવસ પહેલા મળે છે. પોતાનાં નામો સમયસર લખાવજો. ૧૯-૩, ૧-૪, ૧૪-૪ અને ૯-૫-૨૬. નાનું ગ્રુપ નો આનંદ માણો. ૯૦૨૯૨૭૩૯૭૦, વાસંતી શાહ-૯૯૨૦૩૫૨૩૭૯. લિ. ચન્દ્રપ્રભ મંડળ પ્રમુખ કિરણ વેરશી ગડા.

4/1/1(26) --------- **(B-17870)(3-7)**

### જુની જાણીતી એમ્બ્રોઇડરી ફેમસ મહાવીર સાચી જરી વેંચવા માટુંગા પધારો

**બઝારથી વધારે ભાવથી જુની સાચી જરી લઈશું. બીજે વેંચવા જતા પહેલા ભાવનો ટચ કઢાવવા માટુંગા મહાવીરમાં પધારો. તરત જ કેસ પેમેન્ટ શ્રી મહાવીર એમ્બ્રોઈડરી ફુલગલ્લીની સામે, માટુંગા. ૮૬૫૨૨૩૯૫૩૭ / ૯૮૩૩૯૧૬૫૧૦. સોમ બંધ**

2/1/1(2) --------- **(B-17802)(3-8)**

### પારસી ભરત - પારસી ભરત - પારસી ભરત

**પારસી ભરતનાં "EMPIRE" એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ - W )**

**● 1974 થી આપની સેવામાં K.V.O., K.D.O. Vagad, V.O. સમાજની પ્રથમ પસંદગી**
**● હેન્ડ - મશીન વર્કની પારસી સાડી**
**● પારસી ભરતના દુપટ્ટા - Stall**
**● પારસી ભરતની કુર્તી, પંજાબી સુટ, બટવા (પોટલી)**
**● પારસી ભરતના ચણીયા-ચોળી**
**● પારસી ભરતની બોર્ડર**
**● પારસી ભરતના રજવાડી કોટ-જાકીટ**

**Note : અમારા ચુનંદા કારીગરોને ખાસ "CHINA" મોકલાવી નીત-નવી ડીઝાઈનોનું Collection**

**● દરેક આઈટમ તૈયાર તેમજ ઓર્ડરથી તમારી પસંદગી મુજબ બનાવી આપશું. મહાવીર સારીઝ, મોદી ચાલ, સ્ટેશન રોડ, શાંતાક્રુઝ (W), Opp. "SEASON'S" શો-રૂમ - રવિવાર બંધ M.: 9137146272 - 9619554801**

2/1/1(3) --------- **(B-17578)(3-9)**

### આદરણીય જ્ઞાતિજનો બોરીવલીમાં

1 BHK Rs. 1.00 Cr* થી અને 2 BHK Rs. 1.75* Cr. થી શરૂ બોરીવલીનાં પ્રાઈમ લોકેશનમાં આવેલ વિવિધ પ્રોજેક્ટ જેમાં મળશે લક્ઝરી જીવન શૈલીની તમામ સુવિધાઓ. સંપર્ક કરો : શીતલ ગ્રુપ - 7700007204.

4/1/1(17) --------- **(N-17850)(3-10)**

**KVOSJM** STHANAKWASI JAIN MAHAJAN

# શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૨. સંપર્ક : 9082271273. સમય : ૧૧ થી ૫

સંચાલીત

**Matushree Prabhavati Vallabhji Malshi Gala**

**(Nana Asambiya - Antara Jewellers)** Sponsered

**Shree Munisuvrat Swami Medical Fund**

# Health Bulletin - 5

# DIABETES A SILENT KILLER

Uncontrolled High Blood Sugar Levels can Lead to Heart Problems, Kidney Damage, Nerve Damage, Eye Problems by Damaging the Retina.

## Causes of Diabetes

**Diabetes is Caused by the Body's inability to Regulate Blood Sugar Levels. The common risk factors include:**

- Pancreatic damage
- Family history of diabetes
- Alcoholism & Smoking




- Obesity / Being overweight
- Physical inactivity
- Inability to manage stress

## *Potential Warning Signs of Diabetes:*

- Increased thirst / Feeling unusually thirsty
- Frequent urination, Especially at Night
- Increased Hunger
- Unexplained Weight loss
- Fatigue / Tiredness
- Slow healing of Wounds
- Numbness / Tingling of Hands or feet
- Blurred Vision
- Frequent infections



## *Prevention of Diabetes:*

- ✔ Adopt Healthy Lifestyle
- ✔ Balanced Diet
- ✔ Regular exercise & Weight Management
- ✔ Avoid Alcohol & Tobacco
- ✔ Manage Stress
- ✔ Good Sleep Hygiene




## *Management of Diabetes:*

- Lifestyle Changes in the form of Balanced diet & good Sleeping Pattern
- Regular Exercise & Weight Management
- Stress Management
- Medication

**Dr. Kalyanji Kenia - 9820703950 ● Dr. Kinnari Kenia - 9820970988**

Shree KVO Sthanakwasi Jain Mahajan - Mumbai, Medical Committee


WHERE DREAMS RUN and COMMUNITY STANDS UNITED
જ્યાં ગતિ છે, ગૌરવ છે....
આ ઐતિહાસિક રમોત્સવમાં સમાજના ખેલાડીઓનો ઉત્સાહ વધારવા, વિજેતાઓને સન્માનિત કરવા અને યુવાનોને નવી દિશા આપવા સમસ્ત ક.વિ.ઓ. સમાજને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.
આવો ! તાળીઓથી ખેલાડીઓને બળ આપીએ, હાજરીથી સમાજની એકતા દર્શાવીએ અને જલથલ ૨૦૨૫ના સાક્ષી બનીએ !
RISERS
COMMITTED TO FITNESS
PRESENTS
ATHLETICS & SWIMMING CHAMPIONSHIP
JALTHAL 2025
SPONSORED BY NAVNEET
સોમૈયા કોલેજ, ગેટ નં. ૧, વિદ્યાવિહાર (ઈ)
28-12-2025
Reporting Time
7.00 am sharp
Run 100 mt., 400 mt., 1500 mt., Long Jump, Shot Put, Discus Throw
Closing Ceremony
5.00 pm onwards
મહાજન, સંસ્થા તથા ગામ પ્રમાણે વિજેતાઓનું બહુમાન
CHAMPION OF CHAMPIONS
એથ્લેટિક્સ એન્ડ સ્વિમિંગ ચેમ્પિયનશિપના દરેક વ્યક્તિગત વિજેતા સ્પર્ધકના પોઈન્ટ એમના ગામના પોઈન્ટ ટેબલમાં જોડાશે, સર્વાધિક પોઈન્ટ મેળવનાર ગામને ચેમ્પીયન ઓફ ચેમ્પીયન્સ ઘોષિત કરવામાં આવશે.
પ્રથમ વિજેતા ગામ Rs. 1 Lakh
દ્વિતીય વિજેતા ગામ Rs. 75,000
તૃતીય વિજેતા ગામ Rs. 50,000
CHAMPION
તે ઉપરાંત એથ્લેટીક્સ તેમજ સ્વિમિંગ ચેમ્પીયનશીપના પ્રથમ ત્રણ વિજેતા ગામોને પણ પુરસ્કૃત કરવામાં આવશે.
સૌથી વધુ રજીસ્ટ્રેશન કરનાર ગામ પ્રમાણે વિજેતા
પ્રથમ - ભુજપુર
દ્વિતીય - લાયજા
તૃતીય - ગઢશીશા
ઉપરોક્ત ત્રણેય ગામનું વિશેષ બહુમાન કરવામાં આવશે, તો તેના પદાધિકારીઓને પધારવા ખાસ આગ્રહભર્યું આમંત્રણ.
ધડકતા દિલો અને ગુંજતી તાળીઓ વચ્ચે પર-૪ર માં કયું ગામ બાજી મારશે ?
આ રોમાંચ માણવા તા. ૨૮ ડિસેમ્બરે જલથલ ૨૦૨૫ માં જરૂરથી પધારજો !
(CLC-17914)
BINITA S. MARU - 9869034162
વધુ માહિતી માટે સંપર્ક : સંજય ગોસર : 98704 13141 ■ જયેશ શાહ : 93222 28063
લિ. રાઈઝર્સ

# જીવદયા અનુદાન

**જીવદયા દાતાશ્રીઓને આભાર**
**શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ ચીંચબંદર, મું.૯**

શ્રી રામજી મુલજી દેવસી જૈન ધર્મ સ્થાનક, ચીંચબંદર, પીપી ૯૯૨૦૦૨૧૧૯૧ જીવદયા પ્રવૃત્તિમાં રોજ કબુતરોને ચણ નાખવામાં આવે છે જે માટે જુબા ૧ માતુશ્રી નેણમા તેજુ હીરા સંગોઇ સમાઘોઘા જુબા ૧ વીરચંદ મોણસી મુલુન્ડ જુબા ૧ માવજી હંસરાજ જુબા ૧ વિશાલ પાસડ જુબા-૧ હંસાબેન કરમશી ગંગર જુબા ૧ મગનલાલ મોણસી સતરા - ગુંદાલા જુબા ૧ હીતેન હીરેન સંગોઇ જુબા ૧ નીલેશ રવજી સંગોઇ બેરાજા જુબા ૧ ઝવેરબેન મગનલાલ સતરા ગુંદાલા જુબા ૧ મમતા પ્રફુલ્લ સતરા ગુંદાલા રૂા. ૫૦૦૦/- અંબાલાલ અશનરાયજી ડોંગરી, રૂા. ૧૦૦૦/- મોહનલાલ નથમલજી માનાવત રૂા. ૧૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ રૂા. ૧૦૦૦/- પ્રીતિબેન - રૂા. ૧૦૦૦/- એક સદગૃહસ્થ રૂા. ૧૦૦૦/- ભારતીબેન રૂા. ૫૦૦/- જીત ચંપાલાલ જૈન રૂા. ૧૦૦૦/- પારસમલ, રૂા. ૧૦૦૦/- ભરત જૈન રૂા. ૨૦૦૦/- દીનેશ નેમજી માટુંગા રૂા. ૨૦૦૦/- દિનેશ સાવલા રૂા. ૧૦૦૦/- ભરત જૈન રૂા. ૧૦૦૦/- દીયામ દેઢિયા સાવલા રૂા. ૧૦૦૦/- જીઆન જીમાન શાહ. સંઘ સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે. એજ લી. માનદ્ મંત્રીઓ.

2/1/1(8) -------- (A-17674)(6-1)

**શ્રી કારાઘોઘા કરૂણા-જીવદયા પ્રેમી**
**શ્રી પ્રેમજી કાનજી સૈયાની ૨૩મી પુણ્યતિથિ**

કારાઘોઘા ના સ્વ. શ્રી પ્રેમજી કાનજી સૈયા ની ૨૩ મી વાર્ષિક પુણ્યતિથિ ના સ્મરણાર્થે તેમની સુપુત્રી તે ગામ તલવાણા ના શ્રીમતી જયવંતીબેન જયંતીલાલ દેઢિયા તરફથી રૂ.૫૦૦૦/- સ્થાનિકે અબોલ જીવોને નીરણ, પક્ષીઓને ચણ અને કૂતરાઓને રોટલાનું ભાથું અર્પણ કરતા નિયાણી બહેનની ખુબ ખુબ અનુમોદના, ધન્યવાદ સહ આભાર. ધન્ય છે આ ભાગ્યશાળી જીવદયા પ્રેમી નિયાણી જયવંતી બહેનને કે જેમણે પ્રસંશનીય લાગણી દર્શાવી પોતાના માવતર ગામને યાદ કરી અબોલ જીવો પ્રત્યે અનરાધાર કરુણામય લાગણી રાખી કારાઘોઘા ગામમાં જીવદયા કેન્દ્રમાં નીરણ નાખવા હાથ લંબાવ્યો છે. મુંગા અબોલ પશુઓની આંતરડી ઠારી ને આપે પુણ્યાનુબંધ પુણ્ય ઉપાર્જન કર્યું છે. મૂક જીવોના આશીર્વાદથી સમગ્ર દાતાર પરિવારનું જીવન સદાય સુખમય, તંદુરસ્ત, દીર્ઘાયુષ્ય અને ધર્મમય બની રહે તેમજ વડીલ શ્રી પ્રેમજીભાઈના દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના. લી. શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટ વતી : શ્રી અનિલ હેમરાજ શેઠીયા અને શ્રી કિરણ વલ્લભજી વીરા. (સૌજન્યઃ- શ્રી કાંતિલાલ (ગિજુભાઈ) પ્રેમજી મારુ - મે ક્લાસિક સ્ટીલ્સ-ભુલેશ્વર-મુંબઈ ૨)

4/1/1(28) -------- (A-17868)(6-2)

**'પરી ડાયમંડ' એકસચેંજ ઓફર જુનું લાવો નવું લઈ જાઓ મો.: ૯૮૨૦૭૩૨૫૦૪**

બીજે ક્યાંથી પણ લીધેલા જુના દાગીના ડેમે જ થયેલા પોલીશ ખરાબ થયેલા એક્સચેંજ કરી નવી આઈટમોમાં 30% છુટ આઈટેમ જોઈને ભાવ નક્કી થશે. (ફોન કરીને આવવું)

● એ.ડી.માં પેં.સેટ, વીંટી, 1 gm એન્ટીક જ્વેલરી, સ્વરોસ્કી ડાયમંડમાં બુટી, વીંટી, રેડી, પેચ ચાકી ઓર્ડરથી. શો. નં. ૯૯ શાસ્ત્રી માર્કેટ, માટુંગા (સે.રે.) મો.: ૯૯૨૦૩૧૧૪૦૫ પ્રો. કેકીન સાવલા.

2/1/1(35) -------- (B-17880)(6-3)




**'અનમોલ ઓફર'**

શું આપ જુનુ સોનું વેચવા માંગો છો ? તો આ રહી જબરદસ્ત ઓફર. અમે આપના જુના સોનાના દાગીના ૧% ફેર કરી રોકડેથી અથવા ચેકથી લેશું. બીજે આપતા પહેલા એકવાર મુલાકાત લઈને ખાત્રી કરવા જરૂરથી પધારો. અનમોલ જ્વેલર્સ પરેલ ટી.ટી. ગામ : કચ્છ-ફરાદીવાલા. શાંતીભાઈ ધનજી દેઢીયા. ફોન નં. 9664016668.

2/1/1(42) -------- (B-17892)(6-4)

**રીયલને ટક્કર માટે એવી જ્વેલરી માટે 'ચીરાગ આર્ટસ' કાંદીવલીની મુલાકાત જરૂરી**

રીયલની ટીપીકલ એકની એક જ્વેલરી પહેરીને કંટાળી ગયા છો ? તો આજે જ 'ચીરાગ આર્ટસ' જ્વેલર્સ કાંદીવલીની ડીઝાઈનર લેટેસ્ટ અમેરીકન ડાયમંડ જ્વેલરી લેવાનો નિર્ણય કરી મીના ગાલાનાં પોતાનાં બનાવેલા એક્સક્લુઝીવ અમેરીકન ડાયમંડનાં પેન્ડલ બુટ્ટી સેટસ, નેક્લેસ સેટસ, ઓન્લી પેન્ડલ, ઓપનેબલ ડાયમંડ બેંગલ્સ, કડા, બ્રેસલેટસ, લોંગ એરીંગસ, બાલીઓ, એડજસ્ટેબલ વીંટીઓ અને મોતી સેટસની એક્સીલન્ટ વેરાયટીસ રીયલમાં નહીં જોવા મળે તેની ગેરંટી.

● સોનાનાં વધતા ભાવો અને રીયલની અઢળક મજુરીનાં વિકલ્પ સ્વરૂપે અમારા ગોલ્ડ-રોડયમનાં જાડા ચેનો અને ફેન્સી ૩ લાઈનના ચેનો જોવા : ૬૦૧, એવન્યુ, ઈરાનીવાડી રોડ નં. ૪, કાંદીવલી (વે.) ફોન કરીને આવવું. ચીરાગ-9619453802.

4/1/1(14) -------- (B-17853)(6-5)

**સસ્તી સાડીના**

હોલસેલ તથા રીટેલ વ્યવસાયમા નાનુ-મોટુ રોકાણ કરી પાર્ટનર તરીકે જોડાઓ અથવા ફક્ત રોકાણ કરી મહિને સારી આવક મેળવો કોઈ નોલેજ ની જરૂર નથી ટોટલ સેટઅપ અમારૂ રહેશે. વિજયભાઈ : 9011362616.

2/1/1(18) -------- (B-17849)(6-6)

**વિલેપાર્લા (વે.) માં ફ્લેટનું વેચાણ**

શ્રી ચંદ્રપ્રભ સ્વામી જૈન દેરાસર, શ્રી ચંદ્રપ્રભ આરાધના ભવન (મહાસુખ ભવન), શ્રી રામચંદ્ર સુરી આરાધના ભવન, શ્રી રાજેન્દ્રસૂરી મ.સા. ગુરૂ મંદિર, સ્ટેશનથી બે મીનીટનાં અંતરે. 2 BHK 820 કાર્પેટ, બીજો માળે, ૨.૮૫ કરોડ વિલે પાર્લા (વેસ્ટ) સં. જીનેશ છેડા-9619949496.

4/1/1(23) -------- (B-17857)(6-7)

**સુરતી ઉંધીયું - જૈન ઉંધીયું**

દર રવિવારનાં સવારનાં જૈન ઉંધીયું તથા લસણયુક્ત સુરતી ઉંધીયું મળશે. પ્યોર ઘીમાં જલેબી તથા મરી યુક્ત ફાફડા, ખમણ, પાત્રા, ખાંડવી, સફેદ પતલા ઢોકળા, જૈન અમીરી ખમણ મળશે. ફક્ત ઓર્ડરથી જૈન સમોસા, કોર્ન ચીઝ સમોસા, ખાસ્તા કચોરી, દહીંવડા, ઈડલી ચટની, પાંઉભાજી, જૈન બીરીયાની તથા પુલાવ બનાવી મળશે. મિલન સ્વીટ એન્ડ ફરસાણ માર્ટ. હિંદમાતા-9920103634, 8928890134.

4/1/1(20) -------- (B-17864)(6-8)

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે લેધર શુઝ કે બેલ્ટ વાપરવા નહીં. (પંચેન્દ્રીય જીવની ઘાતથી બચવા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

● JYF હેલ્પલાઈન નંબર 8591438983.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(36) -------- (A-17879)(6-9)

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત**
**શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

**'મિષ્ટાન જમણ'**

● રૂા. ૧૭૦૦૦/- ગામ : બિદડા ના શ્રીમાન હીરજીભાઈ પદમશી છેડાની માસિક પુણ્યતિથી નિમિત્તે હસ્તે :

● સુપુત્રી : નિલમબેન હીરેનભાઈ વોરા

● દોહિત્રી : કશીશ અને ઝલક હીરેન વોરા હાલે તારદેવ મુંબઈ ગામ નવીનાળ તરફથી જેમા

● રૂા. ૧૫૦૦૦/- મિષ્ટાન જમણ

● રૂા. ૧૦૦૦/- કબુતરને ચણ અને

● રૂા. ૧૦૦૦/- કુતરાને રોટલા. સદ્‌ગતનો આત્મા શિઘ્રતિશિઘ્ર મોક્ષ ગતિ પામે એજ ગૌમાતા અને પ્રભુને સંસ્થા વતિ પ્રાર્થના સહ આભાર.

● CSR & 80G Tax Benefit Avaliable.

● સંપર્ક : નિતિન પોલડીયા : 9819642696, હિતેન પોલડીયા : 9930024510.

2/1/1(4) -------- (A-17860)(6-10)

**બોરીવલી વેસ્ટ જાંબલી ગલીમાં મોકાની દુકાનો**

દુકાનો સાથે ગોડાઉન ફ્રી...૧૪ ફુટ હાઈટ, ૫૦% માળીયું પાસ કરાવેલ છે. ૩૦૦' ફુટ થી ૭૬૦૦' ફુટ સુધીની દુકાનો, ૧ વર્ષમાં પઝેશન (વચ્ચેનાં નવા રસ્તાથી જાંબલી ગલી અને એલ. ટી. રોડ જોઈન્ટ થાય છે) ઈન્વેસ્ટરનો માલ સંપર્ક : પુનીત શાહ-9321011199.

4/1/1(31) -------- (B-17876)(6-11)

**બોરીવલી (વેસ્ટ) જાંબલી ગલીમાં ફ્લેટો**

૩૬ માળનાં ૨ ટાવરમાં 3 BHK & 4-5 BHK અને લક્ઝુરીયસ ફ્લેટો વર્લ્ડ ક્લાસ એમેનીટીસ, સાત પાર્કીંગ પોડીયમ તથા ઘણું બધું કામ ચાલુ છે. બુકીંગ માટે સંપર્ક : ધીરેન ભેદા-7666030111, 8655673970.

4/1/1(30) -------- (B-17877)(6-12)

**ગુંદરનાં ડીંક લાડુ, ગોળની ચીક્કીઓ, ભડંગ, ચેવડા, ગાંઠીયા, સિંગદાણા ચટણી ઘરબેઠા**

કોલ્હાપુરી ગોળનાં પાકમાં શેકેલા ગુંદરનો બારીક ભુકો, છીણેલો ખોપરો, ખજુર, અશેરીયો, ગાયનું ઘી, કીસમીસ અને રાજગીરાનું ડેકોરેશન કરીને બનેલા, મોટી ઉંમરના અને દાંત વગરનાં ખાઈ શકે એવા સોફ્ટ સાંગલીના ખુબ જ પ્રસિધ્ધ ડીંક લાડુ ૪૩૦ કિ., ભોરકણી સીંગદાણા અને રાજગીરા ચીક્કી ૩૫૦ કિ., સફેદ તલ ચીક્કી ૩૮૦ કિ., સોફ્ટ મલાઈ ચીક્કી ૪૪૦ કિ., સેપરેટ કે આ ચારે ચીક્કીનું મિક્સ ૧ કિ.નું કોમ્બો પેક ૩૮૦ માં આવશે. જૈન ભડંગ ભેળ ૩૦૦ કિ. જૈન મિસળ ફરસાણ ૨૫૦ કિ., પવા ચિવડો મકાઈ ચિવડો, ભાવનગરી, માખણીયા ગાંઠીયા ૨૯૦ કિ., પંચરત્ન જૈન ફરસાણ ૨૮૦ કિ., સિંગદાણાની જૈન ચટણી ૩૮૦ કિ. વગેરે ઘણું આ જ ભાવે ઘર પહોંચ મળશે. ઓર્ડર માટે : મિલન સતરા (ગુંદાલા) 9890628266.

4/1/1(34) -------- (B-17881)(6-13)

**VULCAN INDIA CCTV**

Cameras, Biometric, Walky Talky, Fire Alarm, Installation & Amc at Wholesale Rates. Ritesh Dharod (Luni) - 9820608929 / 9619616103.

2/1/1(33) -------- (B-17882)(6-14)

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ૩જે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. 022 23714674 / 022 23773032 Email: ksevasamaj@gmail.com Web: www.kvoss.org

આયોજીત

## શ્રી ખીમજી હેમરાજ છેડા મેમોરીયલ ટ્રસ્ટ,

મુંબઈ - ૪૦૦ ૦૦૩.

પ્રાયોજીત

## શૈક્ષણિક સન્માન સમારોહ (વર્ષ ૬૩મું)

વર્ષ ૨૦૨૪-૨૦૨૫

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ દ્વારા શૈક્ષણિક સિધ્ધી મેળવનાર અને જ્ઞાતિનું ગૌરવ વધારનાર વિધાર્થીઓનું સન્માનવાનો કાર્યક્રમ...

પોતાના ક્ષેત્રમાં અવ્વલ નંબર આવનાર વિદ્યાર્થીઓને દાતાશ્રીઓના અમુલ્ય સહકારથી શ્રુત-ગુણ-ગૌરવ એવોર્ડ કાર્યક્રમ

**દિવસ : ૧૦-૦૧-૨૦૨૬ શનિવાર, સમયઃ બપોરે ૨.૩૦ કલાકે**

**સ્થળ : ચીંચપોકલી મહાજનવાડી, વોલ્ટાસની સામે, આંબેડકર રોડ, ચીંચપોકલી, મુંબઈ - ૪૦૦૦૧૨.**



(*1522)

શિક્ષણપ્રેમી દાતા પરિવારો, આમંત્રિત સંસ્થાઓના અને શિક્ષણ પ્રત્યે રૂચિ ધરાવતી સંસ્થાના પદાધિકારીઓ તથા આમંત્રિત વિદ્યાર્થીઓને સહપરિવાર પધારવા ભાવભર્યું સસ્નેહ આમંત્રણ...

લિ. શૈક્ષણિક સમિતિ • શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ પરિવાર

સમારંભ પ્રમુખ



**શ્રી પન્નાલાલ ખીમજી છેડા**
(કુંદરોડી-અલ્ટામાઉન્ટ રોડ)

અતિથિ વિશેષ



**ડૉ. હની સાવલા**
(નવાપુર-મુલુંડ)
M.B.B.S , DNB
Internal Medicine Consultant
Internal Medicine | Diabetes, Thyroid & Infectious Diseases (Wockhardt Hospital)



**કુ. શ્રેયા મહેક નાગડા**
(રતાડીયા ગણેશ-ઘાટકોપર)
B.Com, C.A., M.B.A.
Working with SAMAGRA which works with State Governments in solving state level problems for public welfare

UPASANA-9820167767

---

## ૨૭ વર્ષની સેવાની સફર સાથે ૨૮ માં વર્ષમાં મંગલ પ્રવેશના અવસરે નવીનીકરણ સાથે ફરી આપની સેવામાં શરૂ થઈ રહ્યું છે.



પ્રેરણાસ્ત્રોત

**શ્રી ક.વી.ઓ.જૈન મહાજન ભુજ સંચાલિત શ્રી લાલજી વેલજી એન્કરવાલા અતિથિગૃહ**

શુભ શરૂઆત તા.૨૭/૧૨/૨૦૨૫ ને શનિવારથી

- ભુજ શહેરની મધ્યમાં આપણું પોતાનું સંકુલ
- વેલ ફર્નીસ્ડ હવા ઉજાસવાળા રૂમ
- ૧૮ એ.સી.રૂમ, ૨૪ કલાક ગરમ-ઠંડા પાણીની સુવિધા
- ૨૬ બેડની એ.સી.ડોરમેટરી

**ડુંગરશી ટોકરશી વોરા અમરસન્સ ભવન**

(CLC-17862)

ડી.ટી.વોરા માર્ગ, જી.ઇ.બી.હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ-કચ્છ.
મો.૯૭૨૬૨ ૫૫૩૧૮ - ૭૮૬૧૯ ૨૭૧૫૦

લિ.જીગર તારાચંદભાઈ છેડા (પ્રમુખશ્રી)

---

One word for care and trust

## માઁ નર્સિંગ હોમ એન્ડ નેત્ર જ્યોતી આઈકેર સેન્ટર

www.maanursinghome.com / www.maaeyeclinic.com

હિમાચલ બિલ્ડીંગ, સુંદર નગર સામે, એસ.વી. રોડ, મલાડ-ગોરેગામ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૪.

## FREE EYE CHECKUP CAMP



**ડૉ. જુગલ શાહ (વાંકી)**
M.S. D.N.B., D.O.M.S., F.C.P.S.

દ્વારા આયોજીત **આંખોની તપાસનો કેમ્પ**

- ફ્રી આંખોના નંબર ત્થા ચશ્મા (વાચવાના તૈયાર)
- મોતિયા બિંદુનું ઓપરેશન ડૉ. જુગલ શાહ દ્વારા ફ્રી અથવા ઓછા દરે કરવામાં આવશે.
- ફ્રી એ-સ્કેન સોનોગ્રાફી તથા ફ્રી બ્લડ ટેસ્ટ (મોતિયાના બિંદુનું ઓપરેશનવાળા માટે)

**રવિવાર, તા. ૨૮-૧૨-૨૦૨૫ સવારના ૯.૦૦ થી ૧.૦૦ ક.**

ઈશ્વરની કૃપા અને કુટુંબીજનો, મિત્રો અને શિક્ષકોના આશીર્વાદથી ડૉ. જુગલ શાહ ટુંક સમયમાં "એક લાખ" સફળ સર્જરીઓ પૂર્ણ કરશે. (આમાંથી ૫૦% ચેરીટી સર્જરી હતી) અમે અમારા તમામ દર્દીઓનો નમ્રતાપૂર્વક આભાર માનીએ છીએ. અમે તમારા સતત સમર્થનની રાહ જોઈ રહ્યા છીએ જેથી ડૉ. જુગલ શાહ તેમની એક લાખ સર્જરીનો માઈલસ્ટોન ટુંક સમયમાં હાંસીલ કરી શકશે.

ભીડથી બચવા માટે અગાઉ ફોન કરી પોતાનું નામ રજીસ્ટર્ડ કરવા જરૂરી સંપર્ક :

**88280 68727 | 88283 28726 | 8850118725**

ISO 9001 - 2015 Certified

(CLD-17869)

UPASANA - 98201 67767

કચ્છ : રતાડીયા (ગણેશ) | શ્રી સિમંધર સ્વામી પ્રભુ સમીપે | હાલે : બેંગ્લોર



# શ્રી ચુનીલાલ રાઘવજી હંસરાજ છેડા

**જીવન યાત્રા : તા. ૨૬-૦૪-૧૯૩૪ થી ૨૩-૧૨-૨૦૨૫ • ઉં.વ. : ૯૨**

ગજબની કાર્યદક્ષતા અને ભારોભાર ધૈર્યતાના ધારક એવો આપનો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિ પામે અને સત્વરે મોક્ષગતિ પ્રાપ્ત થાય એજ પ્રાર્થના...

દાદા-દાદી : માતુશ્રી રાણબાઈ હંસરાજ ગેલા છેડા..............રતાડીયા (ગણેશ)
માતા-પિતા : માતુશ્રી જેતબાઈ રાઘવજી હંસરાજ છેડા...........રતાડીયા (ગણેશ)
નાના-નાની : માતુશ્રી ચાપઈમાં ગણપત હંસરાજ ગાલા........................કપાયા
મોટા સાસુ-સસરા : માતુશ્રી લાડબાઈ કચરા વીધુ ગાલા ............દેશલપર (કંઠી)
સાસુ-સસરા : માતુશ્રી લાછબાઈ રતનશી કચરા ગાલા...............દેશલપર (કંઠી)
નાનાઈ સાસુ-સસરા : માતુશ્રી રાણબાઈ પાસુ ખેરાજ સાવલા ..........મોટી ખાખર
ધર્મપત્ની : શ્રીમતી નિર્મળાબેન (બાઈઆબાઈ) ચુનીલાલ છેડા......ર.(ગણેશ)

**પુત્ર-પુત્રવધુ**
લતા સુનિલ ચુનીલાલ છેડા ..રતાડીયા (ગણેશ)
અલ્પા અમિષ ચુનીલાલ છેડારતાડીયા (ગણેશ)

**પુત્રી-જમાઈ**
રંજન મણીલાલ મોણશી સંગોઈ..........સાડાઉ

**પૌત્ર**
સૌરભ સુનિલ ચુનીલાલ છેડા .......ર.(ગણેશ)
સુનય સુનિલ ચુનીલાલ છેડા .........ર.(ગણેશ)

**દોહિત્ર-દોહિત્ર વહુ**
દીશા કેકીન સંગોઈ ......................સાડાઉ

**દોહિત્ર**
ભાવીન મણીલાલ સંગોઈ.................સાડાઉ

**પર દોહિત્રી**
સાચી કેકીન સંગોઈ.........................સાડાઉ

**ભાઈ-ભાભી**
વિમળા જાદવજી રાઘવજી છેડા રતાડીયા(ગણેશ)
જ્વેર ટોકરશી રાઘવજી છેડા..રતાડીયા (ગણેશ)
અમૃત તલકશી રાઘવજી છેડા રતાડીયા (ગણેશ)
રમીલા મેઘેશ રાઘવજી છેડા ..રતાડીયા (ગણેશ)
ભારતી શાંતિલાલ રાઘવજી છેડા ....ર.(ગણેશ)
જયના મુકેશ રાઘવજી છેડા...રતાડીયા (ગણેશ)

**બેન-બનેવી**
જ્વેરબેન શાંતિલાલ રવજી ગડા .....રાયધણજર

**બેન તુલ્ય**
રતનબેન વસનજી સાલીઆ .રતાડીયા (ગણેશ)

**ભત્રીજા-ભત્રીજા વહુ**
લીના હરેશ જાદવજી છેડા ....રતાડીયા (ગણેશ)
શીલ્પા યોગેશ જાદવજી છેડા.રતાડીયા (ગણેશ)
નેહા ધીરેન જાદવજી છેડા ....રતાડીયા (ગણેશ)
ચાંદની જીતેશ ટોકરશી છેડા .રતાડીયા (ગણેશ)
મીના કલ્પેશ તલકશી છેડા...રતાડીયા (ગણેશ)
અમીષા રામીન તલકશી છેડા રતાડીયા (ગણેશ)
ચિ. વીરલ મેઘેશ છેડા........રતાડીયા (ગણેશ)
અક્ષિતા અંકુર મેઘેશ છેડા.....રતાડીયા (ગણેશ)
ડૉ. સોનમ પ્રતીક શાંતિલાલ છેડા ...ર.(ગણેશ)

**ભત્રીજી-ભત્રીજી વર**
શ્રુતી અજય સુંદરજી નંદુ ..............વાંઢ (US)
સપના ચુનીલાલ વીરજી સંગોઈ...........સાડાઉ
નિધી સ્વપ્નીલ સતરા ......................ભરૂડીયા

**ભત્રીજી**
અમી મુકેશ છેડા ..............રતાડીયા (ગણેશ)
મીલી મુકેશ છેડા ..............રતાડીયા (ગણેશ)

**ભાણેજ-ભાણેજ વહુ**
હેતલ અંકિત શાંતિલાલ ગડા
................................રાયધણજર (US)

**કાકા-કાકી**
સુંદરબેન-મંજુલાબેન સ્વ. દામજી
હંસરાજ છેડા ...................રતાડીયા (ગણેશ)
લક્ષ્મીબેન મગનલાલ હંસરાજ છેડા ..ર.(ગણેશ)

**ફુઈ-ફુઆ**
સાકરબેન વસનજી દેવરાજ સાંઈઆ....લાખાપર

**મામા-મામી**
રતનબેન રવજી જેઠા ગડા...............સાભરાઈ

**કાકાઈ ભાઈ-ભાભી**
ભારતી જેઠાલાલ દામજી છેડા રતાડીયા (ગણેશ)
દિવ્યા કેશવજી દામજી છેડા ..રતાડીયા (ગણેશ)
વસમુતી રમણીક દામજી છેડા રતાડીયા (ગણેશ)
ઈવા પદમશી મગનલાલ છેડા રતાડીયા (ગણેશ)
રેખા રતીલાલ મગનલાલ છેડારતાડીયા (ગણેશ)

**કાકાણ બેન-બનેવી**
પાનબાઈ-ભાનુ ઠાકરશી પાસુ ...........પ્રાગપર
મધુહસમુખ જાદવજી સાલીઆ રતાડીયા (ગણેશ)
નયના-તૃપ્તી કિશોર કેશવજી ...............ડોણ
દક્ષા જ્યંતીલાલ લાલજી....................કોડાય
અરૂણા ભરત લખમશી સંગોઈ ...........પ્રાગપર

**ફુઈઆઈ ભાઈ-ભાભી**
કલાવતી શામજી વિસનજી સાંઈઆ ....લાખાપર
વિણા ભરત વિશનજી સાંઈઆ..........લાખાપર

**ફુઈઆઈ ભાઈ**
ધિરજ વિસનજી દેવરાજ સાંઈઆ ........લાખાપર

**ફુઈઆઈ બેન-બનેવી**
વેજબાઈ લખમશી ધરોડ....................મોખા
હેમલતા કેશવજી ભેદા......................કપાયા
નિર્મળા હંસરાજ સોની ....................વડાલા
જયા શાંતિલાલ કેશવજી.....................બિદડા

**માસી-માસા**
પાંચીબાઈ ખીમજી સારંગ કેનીયા .........બારોઈ

**માસીઆઈ ભાઈ-ભાભી**
હીરબાઈ દામજી ખીમજી સારંગ કેનીયા...બારોઈ
લીના નેમચંદ ખીમજી સારંગ કેનીયા .....બારોઈ
મંજુલા કેશવજી ખીમજી સારંગ કેનીયા....બારોઈ

**માસીઆઈ બેન-બનેવી**
વિજ્યાલક્ષ્મી જાદવજી સોની ............દેશલપર
સાકરબેન લીલાધર અરજણ દેઢિયા.......ગુંદાલા

**માસીઆઈ બેન**
ડૉ. ઉર્મીલા ખીમજી કેનીયા................બારોઈ
ભાગ્યલક્ષ્મી ખીમજી કેનીયા...............બારોઈ

**સાસર પક્ષ**

**સાળા-સાળાવેલી**
મધુ તલકશી રતનશી ગાલા...દેશલપર/બેંગ્લોર
પ્રેમીલા ગાંગજી રતનશી ગાલા ..........દેશલપર

**સાળા**
શાંતિલાલ રતનશી કચરા ગાલા .........દેશલપર

**સાળી-સાઢુભાઈ**
દમયંતી વીરચંદ રામજી કેનીયા............કપાયા

**સાળા પુત્ર**
નિલેશ ગાંગજી રતનશી કચરા ગાલા ...દેશલપર

**સાળા પુત્ર-પુત્ર વધુ**
કલ્પના પરેશ તલકશી ગાલા ..દેશલપર-બેંગ્લોર
પ્રિતી કેતન ગાંગજી રતનશી ગાલા......દેશલપર
કલ્પા મનોજ ગાંગજી રતનશી ગાલા.....દેશલપર

**સાળા પુત્ર**
ચિ. નિલેશ ગાંગજી રતનશી ગાલા......દેશલપર

**સાળી પુત્ર-પુત્ર વધુ**
કૃતી પરીન વિરચંદ કેનીયા .................કપાયા

**સાળા પુત્રી જમાઈ**
પ્રિતી પંકજ પ્રેમજી છેડા ..................પ્રાગપર
જ્યોતિ જયેશ શાંતિલાલ શાહ .............વડાલા
પારૂલ પંકજ નેમચંદ રાંભિયા .......નાનાભાડિયા

**કાકાઈ સાસુ-સસરા**
રતનબાઈ ખીમજી કચરા ગાલા ........દેશલપર

**કાકાઈ સાળા-સાળાવેલી**
કસ્તુરબેન કેશવજી ગાલા ..દેશલપર/કોરેગામ
લક્ષ્મીબેન લાલજી ગાલા ...દેશલપર/સાતારા
કલ્યાણજી ખીમજી કચરા ગાલા .......દેશલપર

**વેવાઈ-વેવાણ**
મણીબેન હિરજી નાનજી દેઢિયા ...........ટોડા
હેમલતાબેન વેલજી કુંવરજી ગુટકા.......બારોઈ
મેઘબાઈ મોણશી દેવન સંગોઈ..........સાડાઉ

**પરમ સ્નેહી**
મીતા (ઉર્વી) પરેશ ગાલા .............હૈદ્રાબાદ
હેતલ નિલેશ દેઢિયા ...........ભુજપુર-બેંગ્લોર
ભાવના મનોજ વિચ્છીવોરા...કો.રોહા-બેંગ્લોર
ડોલી મંથન માલદે ................લુણી-બેંગ્લોર

**ત્રાસ સ્વીકાર**
શ્રી ક. વિ. ઓ. જૈન સમાજ.............બેંગ્લોર
સપ્તગીરી રેસીડન્સીના રહેવાસીઓ...બેંગ્લોર

**સેવક**
દેવચરીત ગવડા, કમલા ગવડા, સુમિત્રા અમ્મા, સેજલ, દિવાકર, ગૌરી, પ્રભુ, રીન્કી

લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. | કોઈએ શોક પાળવો નહીં. | **પ્રાર્થના સભા રાખેલ નથી.** | ફોન/વોટ્સઍપ મેસેજ આવકાર્ય.

સૌને સારા પ્રસંગે જવાની છુટ છે.

સદ્‌ગતની આત્માની શાંતિ અર્થે ૧૨ નવકાર મંત્ર ગણવા.

**નિવાસ સ્થાન :** અમિષ છેડા, ૨૦૪, સપ્તગીરી રેસિડેન્સી, બનસંકરી, બેંગ્લોર (કર્ણાટક) - ૫૬૦ ૦૫૦.

અમીષ ચુનીલાલ છેડા-9342260001 • સુનિલ ચુનીલાલ છેડા-9844076736
અલ્પા અમિષ છેડા-7676550001 • લતા સુનિલ છેડા-9964733000 • રંજન મણીલાલ સંગોઈ-9022443466

નોંધ: શરતચુકથી કોઈનું નામ રહી ગયેલ હોય અથવા નામમાં ભુલચુક થયેલ હોય તો મિચ્છામી દુક્કડમ્.

(CLA-17897)
UPASANA-9820167767

# શ્રી નાગલપુર જૈન મહાજન

## શ્રી નાગલપુર તીર્થ મંડન
## શ્રી ચંદ્રપ્રભદાદા, શ્રી અજીતનાથદાદા જિનાલયની
## ૧૨૩ મી ધ્વજારોહણ મહોત્સવ (લક્કી ડ્રો) ના પૂણ્યવંતા લાભાર્થી પરિવારો




**જિનાલયની મુખ્ય ધ્વજા**
**શ્રીમતી ચંદ્રીકાબેન હિરેન્દ્ર ગંગર**

**જિનાલયની ડાબી બાજુની ધ્વજા**
**શ્રીમતી હિનાબેન હેમંત ગંગર**

**શ્રી મહાકાળી માતાજીની દેરીની ધ્વજા**
**શ્રીમતી ચંદનબેન નરેન્દ્ર ગાલા**

**જિનાલયની જમણી બાજુની ધ્વજા**
**માતુશ્રી જેઠીબેન દામજી મોના ભેદા**

**શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબની દેરીની ધ્વજા**
**માતુશ્રી જયાબેન ગાંગજી પાસુ ગંગર**

**શ્રી સિધ્ધચક મહાપૂજનના મુખ્ય માંડલાનો સંપૂર્ણ લાભ સાથે આરતી, મંગળદીવો અને શાંતિ કળશ**
**માતુશ્રી પુષ્પાબેન કલ્યાણજી રાંભીયા**

**કુમારપાળ મહારાજાની આરતી : શ્રીમતી ચંદ્રિકાબેન હિરેન્દ્ર ગંગર**

### શ્રી અઢાર અભિષેકમાં



મુળનાયક શ્રી ચંદ્રપ્રભદાદા : શ્રીમતી દમયંતી કાંતીલાલ ગડા
શ્રી શ્રેયાંસનાથદાદા : શ્રીમતી ભારતીબેન નવીન ગંગર
શ્રી મુનિસુવ્રતસ્વામી : માતુશ્રી વેલબાઈ પાલણ વેલજી છેડા
મુળનાયક શ્રી અજીતનાથદાદા : માતુશ્રી ભાનુબેન જવેરીલાલ દેઢિયા
શ્રી ચંદ્રપ્રભદાદા : શ્રીમતી બીજલ મહેશ શાહ
શ્રી શાંતિનાથદાદા : શ્રીમતી વનિતાબેન ચંદ્રકાંત રામજી ગોગરી

શ્રી મહાકાળી માતા : શ્રીમતી તારાબેન હીતીન ગંગર
શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ :
શ્રીમતી પ્રેમીલાબેન મણીલાલ રામજી ગોગરી
ત્રિગડા ગઢના શ્રી શાંતિનાથદાદાની આરતી,
મંગળદીવો, શાંતિ કળશ : માતુશ્રી ભાનુબેન જવેરીલાલ દેઢિયા
સૂર્યદર્શન-અઢાર અભિષેક : માતુશ્રી કસ્તુરબેન પ્રદીપ વીરા
ચંદ્રદર્શન - અઢાર અભિષેક : માતુશ્રી લક્ષ્મીબેન હીરજી ગોગરી



### રથયાત્રા દરમ્યાન

ભગવાનને રથમાં પધરાવવાનું :
શ્રીમતી હીરાબેન બકુલ ગંગર

ભગવાનને પોખવાનું
કુ. ભાવના મંજુલાબેન નેમચંદ છેડા

ભગવાનને લઈને રથમાં બેસવાનું
માતુશ્રી કેસરબેન કલ્યાણજી કકકા

ભગવાનના રથમાં સારથી બનવાનું
માતુશ્રી લક્ષ્મીબેન રાયશી દેઢિયા

ભગવાનના રથમાં કસલી વગાડવાની
શ્રીમતી હિનાબેન હેમંત ગંગર

### પ્રથમ પૂજા તેમજ અષ્ટપ્રકારી પૂજામાં

નીચેના ત્રણે ભગવાન
માતુશ્રી વેજબાઈ મગનલાલ દેઢિયા

ઉપરના ત્રણે ભગવાન
શ્રી યોગેન જયંતીલાલ છેડા

ત્રિગડા ગઢના શ્રી શાંતિનાથદાદા
શ્રીમતી નિલમ દિપક વીરા



ધર્મધજા જેવો ઉંચો વિચાર ધરાવી જેઓએ આસ્થાનો પરચમ લહેરાવ્યો અને
વિવિધ લાભો લઈ સંઘકાર્યને નવી ઊર્જા અને દિશા આપી...આપનું આ યોગદાન અવિસ્મરણીય છે.
સમસ્ત શ્રી નાગલપુર જૈન સંઘ ભાવપૂર્વક અનુમોદના કરે છે.

**લિ. : શ્રી નાગલપુર જૈન મહાજન**

(CLB-17911)

BINITA S. MARU - 9869034162

પોષ સુદ - ૦૯, શનિવાર, તા. ૨૭-૧૨-૨૦૨૫ | www.kutchipatrika.org ખબર પત્રિકા 15

## MALE TEAM OWNERS


કુસુમબેન દિનેશ માલશી છેડા (કુંદરોડી)
નિષ્કા, ધ્રુવિત સેજલ તેજસ છેડા


રામજી પ્રેમજી વીરા
ભુપેન્દ્ર વીરા - તરૂણ વીરા (ફરાદી)


શ્વેતા સિધ્ધાંત મીના નિતીન શાહ (બિદડા)


હેમંત મગનલાલ સાવલા
હાર્દિક હેમંત સાવલા
(બિદડા)


ડૉ. કનન પરીન વોરા (સમાઘોઘા)


વિનીત ભરત ગાલા (બાડા) - ભાવિક હેમંત શાહ (નાંગલપુર)
જેનિલ સુર્યકાંત વોરા (મોટા લાયજા)


હેમલતા હીરજી દેઢિયા - આયુષી આશિષ હીરજી દેઢિયા (બિદડા)


ઋષભ હરીશ વિસરીયા (ગઢશીશા)
આયુષ અક્ષય નાગડા - મયુર નરેશ નાગડા (નરેડી)


નિર્મલ પ્રવિણચંદ્ર ખેતશી ગોગરી (નાના ભાડિયા)


પાર્થ હિતેન્દ્ર મારૂ (નાના ભાડિયા)


મીત ચેતના કેકીન છેડા (વડાલા)


હેતાંશ મહેશ ગાલા (સાડાઉ)


હર્ષ પરેશ વીરા (નાની ખાખર)


હિરલ લતા રમેશ શાહ (નાના ભાડિયા)


કિશોર વસનજી ગાલા (છસરા) - કિરણ વસનજી રાંભિયા (મોખા)
તિમીર નિતીન છેડા (નાંગલપુર)


નીરવ પરેશ સૈયા (બેરાજા)


KALYANI TRADING CO.
અમર રાજેશ છેડા (પત્રી)


મનોજ વિસનજી વોરા - રાહિલ હેમંત વોરા (ગેલડા)

## FEMALE TEAM OWNERS


વિનીત ભરત ગાલા (બાડા) - ભાવિક હેમંત શાહ (નાંગલપુર)
જેનિલ સુર્યકાંત વોરા (મોટા લાયજા)


દેવ નિકિતા મેહુલ આણંદજી છેડા (નાના ભાડિયા)


સ્વ. કમલેશ મોરારજી માલશી છેડા (કુંદરોડી)
જાગૃતિ કમલેશ છેડા - હિરેન કમલેશ છેડા


શૌર્ય લીના શાંતિલાલ
આણંદી દેવજી દેઢિયા (ગોધરા)

||आमंत्रण||

MC CC

# Turf Cricket Tournament S6

## CHAMPION TEAMS



Men's Team - Fighting Jaguars



Women's Team - Dona Dynamites




### MCCC Team

| | |
|---|---|
| હાર્દિક કાંતિલાલ દેઢિયા | નાંગલપુર |
| ચિરાગ અશ્વિન દેઢિયા | લુણી |
| ચિરાગ રામજી દેઢિયા | નાની ખાખર |
| દીપ અશ્વિન ગંગર | મેરાવા |
| મોહિત લલિત ગોગરી | બિદડા |
| જિનેશ સુધીર સાવલા | બિદડા |
| વરૂણ રમેશ ધરોડ | પત્રી |
| નીલ તુષાર શાહ | ભારાપર |
| યશ રાકેશ શાહ | બેરાજા |
| સ્મિત હિતેન વોરા | ગેલડા |
| પંકિત હિતેન વોરા | ગેલડા |
| ચિંતન કિશોર દેઢિયા | ડોણ |
| રેકીન પ્રવિણ વોરા | ગેલડા |
| મલય કેતન છેડા | ગોધરા |
| રાહિલ હેમંત વોરા | ગેલડા |
| પ્રતિક દિનેશ સંગોઈ | કપાયા |

## RUNNER UP TEAMS



Men's Team - Currasso Conquerors



Women's Team - Insca Incredibles


Men's Best Batter - Palak Nagda


Women's Best Batter - Khushboo Mota


Men's Best Bowler - Keval Shah


Women's Best Bowler - Hetvi Visaria


Men's Player of Series - Kavit Savla


Women's Player of Series - Hetvi Visaria

## અભિનંદન...આભાર... ક્ષમાપના...

**14 DECEMBER 2025 SUNDAY**

**ટીએસજી ટર્ફ, બોરીવલી (વે)**

ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન ૬ ના વિજેતા મેન્સ ટીમ અને વિમેન્સ ટીમના ઓનર્સ, કેપ્ટનસ્ અને પ્લેયર્સ ને તેમની ભવ્ય જીત બદ્દલ ખુબ ખુબ અભિનંદન...

બોરીવલીના તમામ ક્રિકેટપ્રેમી ક.વિ.ઓ માટે યોજાયેલ ટર્ફ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન ૬ ને ભવ્ય પ્રતિસાદ આપી સફળ બનાવનારા MCCC ટીમ, ટાઈટલ પાર્ટનર, કો પાર્ટનર, માર્કેટીંગ પાર્ટનર, સર્વે સપોર્ટ પાર્ટનર્સ, ૧૮ મેન્સ ટીમો - ૪ વિમેન્સ ટીમોના ઓનર્સ, ટુર્નામેન્ટમાં ભાગ લેનારા સર્વે ટીમોના પ્લેયર્સ તેમજ પ્રેક્ષકો સૌનો ખૂબ ખૂબ આભાર...

સમગ્ર આયોજન દરમ્યાન ટીમ વતી કોઈને પણ મનદુઃખ થયું હોય, તકલીફ થઈ હોય તો તે બદ્દલ મિચ્છામિ દુક્કડમ્...

**લિ. MCCC કમિટીના ટીમ મેમ્બર્સ**

PHOTOGRAPHY PARTNER
Harshit Chheda photography
હર્ષિત વિનોદ છેડા (કુંદરોડી)

(CLC-17900)

## TITLE PARTNER


||आमंत्रण||
અ.સૌ. કુસુમબેન દિનેશ છેડા, નિષ્કા, ધ્રુવિત સેજલ તેજસ છેડા (કુંદરોડી)

## COPOWERED BY


श्री गणेश श्री
કેતના ગિરીશ મોરારજી વિસરીયા (રતાડિયા ગ.)

## MARKETING PARTNER


કિશોર વસનજી ગાલા (છસરા)
કિરણ વસનજી રાંભિયા (મોખા)
તિમિર નિતીન છેડા(નાગલપુર)

## SUPPORT SPONSORS

**VENUE PARTNER**
TEEARCH
તરૂણ હરશી મોતા - નરેશ હરશી મોતા (દેવપુર)

**BANNER PARTNER**
NS CREATIONS
શિલ્પા નીરવ લક્ષ્મીચંદ છેડા (લાયજા)

**FOOD PARTNER**
DR. RIDDHI'S CENTRE FOR COSMIC HOMEOPATHY
ડૉ. રિધ્ધી પારસ નાગડા (ભોજાય)
દિપ્તી CA સુનીલ વલ્લભજી દેઢિયા (નાની ખાખર)

**M.O.M. PARTNER**
SHAH CONSULTANCY
જીનલ ચિંતન વસંત શાહ (બગડા)

**TOSS KA BOSS PARTNER**
MANIBHADRA OPTICS
અરૂણા રાકેશ કલ્યાણજી શાહ
દીપ, યશ રાકેશ શાહ (બેરાજા)

**SPORTING PARTNER**
TOTAL SPORTS & FITNESS

**DECISION PARTNER**
BHOOMI MOBILES
ધૈર્ય ઉર્વી પરેશ ગંગર (દેશલપુર)

**MEDICAL PARTNER**
भारतीय जन औषधि परियोजना
ધ્રુવિન ઉષા વિજય ગોસર (ડુમરા)

**SOCIAL MEDIA PARTNER**
ZZARNA DIGI HEADS
ઝરના જિનેશ સાવલા (બિદડા)

**JERSEY PARTNER**
Bellagio Farm
ઉર્વી રાહુલ ગડા (મોટા આસંબિયા)
મિનલ રોહન ગાલા (બિદડા)

**BALL PARTNER**
વિકી લક્ષ્મીચંદ સાવલા (કોટડી મહાદેવપુરી)

KENIA AD AGENCY - 9870155993

# શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ

ગામ : ભોજાય, તા.માંડવી-કચ્છ, પીન - ૩૭૦૪૫૦
ફોન : (02834) 278602, 278606, 278787, Email : bhojayhospital@yahoo.co.in, Info@bhojaysarvodaytrust.org
Website : http://www.bhojaysarvodaytrust.org/

માતુશ્રી પાનબાઈ કારૂભાઈ હૉસ્પિટલ • રતનવીર આંખની હૉસ્પિટલ • તપોમૂર્તિ લક્ષ્મીમા માનસમંદિર • નવનીત વિહાર • કેનીયા ડાયાલીસીસ સેંટર

## ૩૫મો નવનીત મેગા મેડીકલ કેંપ

ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા આયોજીત ૩૫મા નવનીત મેગા મેડીકલ કેંપને ગામ ટીંબડી - હાલારનાં શ્રીમતી ભારતીબેન બિમલભાઈ શાહ (ગડા) પરિવારે (હાલે થીકા-કેન્યા) એમના માવિત્રો દમયંતીબેન અને શોભાગચંદભાઈની સ્મૃતિમાં સ્પોન્સર કર્યો છે. મેગા મેડીકલ કેંપની ૧૩ ડિસેંબર થી ૨૧ ડિસેંબર દરમ્યાન યોજાયેલી ચાર ફેકલ્ટીઓમાં થયેલી કામગીરીનો અહેવાલ આપતા અમે આનંદ અનુભવીએ છીએ.



ડૉ.વિશાલ દેઢિયા



### ડૉ.ભાણજી ઉમરશી ગડા રેટીના સેન્ટર - આંખ પડદા રોગ શિબિર

